## અરવલ્લી જિલ્લાના ધનસુરાના શ્રી શુળપાણેશ્વર મહાદેવજીના મંદિરે લઘુરુદ્ર યજ્ઞ યોજાયો



અરવલ્લી જિલ્લાના ધનસુરાના શ્રી શુળપાણેશ્વર મહાદેવજીના મંદિરે લઘુરુદ્ર યજ્ઞ યોજાયો હતો.પવિત્ર શ્રાવણ માસમાં શ્રી શુળપાણેશ્વર મહાદેવજીના મંદિરે લઘુરુદ્ર યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ લઘુરુદ્ર યજ્ઞમાં ૨૧ લોકો એ ભક્તિભાવ પૂર્વક ભાગ લીધો હતો.સાથે ગામલોકો પણ આ યજ્ઞમાં શ્રી શુળપાણેશ્વર મહાદેવજી ના મંદિરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.પવિત્ર શ્રાવણ માસમાં ભક્તો એ યજ્ઞ અને શ્રી શુળપાણેશ્વર મહાદેવજીના મંદિરે ભગવાન ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## પ્રાંતિજ ખાતે ગુજરાત ઈકોલોજી કમીશન તેમજ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણ સંવાદ યોજાયો




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ઉમિયાધામ સંકુલ ખાતે પર્યાવરણ સંવાદ કાર્યક્રમ યોજાયો જેમા ઉપસ્થિત લોકો ને પર્યાવરણ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. આઝાદી કા અમૃત મહોત્સવ ને લઈ ને દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણ ને અનુકુળ જીવન શૈલીને અપનાવવા અભિગમને ચરિતાર્થ કરવા તેમજ પર્યાવરણ સ્વચ્છતા, જળ સંચય અને જળ સંરક્ષણ માટે સંવેદનશીલ ભારત ના નિર્માણની દિશામા વિસ્તૃત માહિતી અને સંવાદ સાથેના અભિગમ માટે ઉપસ્થિત કલાકારોએ મનોરંજન સાથે માહિતી આપી હતી તો પ્રસંગે મંત્રી ગજેન્દ્રસિંહ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સચિવ મહેશસિંધ, મહંત સુનીલદાસજી મહારાજ, તારક મહેતા ના ઉલ્ટા ચશ્માના મયુર વાકાણી (સુંદર મામા) સહિત કમલ નાયક સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા તો તારક મહેતા ના સુંદર લાલે આકર્ષક જણાવ્યુ હતુ તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકો ખેડૂતો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.

## ઉગાડ નીકળ્યો ' પાલનપુરમાં સીઝનનો કુલ વરસાદ ૪૧ ઈંચ, દાંતામાં ૪૮, ડીસામાં ૪૦, અમીરગઢમાં ૩૮ ઈંચ



બે ઈંચ થી ચાર ઈંચ સમયાંતરે પડ્યો એટલે મોટાભાગે ક્યાંય મુશ્કેલી ન સર્જાઈ.. વાવ સુઈગામમાં ૧૩૦ ટકા વરસાદ નોંધાતા વાવેતરને અસર, ત્રણ દિવસના વરસાદી માહોલ બાદ હવે આકાશ ચોખ્ખું થયું છે.અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે. ૧૬ જૂનથી શરૂ થયેલા બનાસકાંઠા જિલ્લામાં અઢી મહિનામાં સીઝનનો સો ટકા વરસાદ વરસી ગયો છે. હવામાન વિભાગના સૂત્રોએ આપેલી વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લામાં સરેરાશ ૩૫ થી ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દાંતામાં ૪૮ઈંચ, દાંતીવાડામાં ૪૨ ઈંચ પાલનપુરમાં ૪૧ ઈંચ ડીસામાં ૪૦ જ્યારે અમીરગઢમાં ૩૮ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લાના અન્ય તાલુકાઓમાં દિયોદર ૩૪ ઈંચ સુઈગામ ૨૯,ધાનેરા ૨૭, ભાભર ૨૬, લાખણી ૨૬, કાંકરેજ ૨૪, થરાદ ૨૩ અને વાવ ૨૦ ઈંચનો સમાવેશ થાય છે.ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો સૌથી વધુ વરસાદ દાંતામાં ૧૩૮.૪૧ સુઈગામમાં ૧૩૨.૨૭ વડગામમાં ૧૩૧.૯૮ દાંતીવાડામાં ૧૩૧.૪૫ પાલનપુરમાં ૧૩૦.૭૮ ડીસામાં ૧૩૦.૬૦ વાવમાં ૧૨૮.૪૮ દિયોદરમાં ૧૨૫.૯૯ કાંકરેજમાં ૧૨૨.૯૯ થરાદમાં ૧૨૧.૩૧ ભાભરમાં ૧૧૩.૨૩ ધાનેરામાં ૧૧૧.૯૩ અને સૌથી ઓછી ટકાવારી લાખણીમાં ૧૦૯.૪૯નો સમાવેશ થાય છે.

## શહેરની સહુથી મોટી શિરદર્દ સમાન સમસ્યા 'ખાડાઓ...'



"પાલનપુર શહેરમાં જુદા જુદા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર ખાડા પડી જતા રસ્તાઓ ઉબડખાબડ બની ગયા છે. કેટલાક રસ્તાઓ તો એટલા ખરાબ થઈ ગયા છે કે રિક્ષાચાલકો પણ ત્યાંથી પસાર થવાનો ઈનકાર કરે છે. નગરપાલિકાની હદમાં જે ખાડા આવે છે તેમાં કમાલપુરા થી માલણ દરવાજા, માલણ દરવાજા થી નાની બજાર, નાની બજારથી ત્રણ બત્તી, બારણપુરા થી મોટી બજાર, ત્રણ બત્તી થી દિલ્હી ગેટ, મીરા ગેટથી સોનપતિ હનુમાન, જનતા નગરથી મીરા ગેટ, ગણેશપુરા થી મીરાગેટ. મીરા ગેટથી મીરા કબ્રસ્તાન, જનતા નગરથી પોલિટેકનિક કોલેજ ઉપરાંત, શહેરને જોડતા લક્ષ્મીપુરા, બેચરપુરા, સહિતના માર્ગોનો સમાવેશ થાય છે.આ ઉપરાંત શહેરના મહત્વના તમામ માર્ગો પર નાના મોટા ખાડા પડી ગયા છે જેમાં વાહનો ફટકાય છે અને નુકસાન સર્જાય છે. પાલિકાની બાંધકામ શાખા એ જણાવ્યું હતું કે " વરસાદ રોકાતા જ બિલ્ડીંગ મટીરીયલ વેસ્ટ નાખીને ખાડાઓ પુરવાની કામગીરી હાથ ધરી છે. બે ચાર દિવસમાં શહેરના તમામ જગ્યાએ પહોંચીને હંગામી ધોરણે ખાડાઓ પૂરવામાં આવશે."

**નાંણા-ચાંદરેજ-જીતપુર એસ.ટી. બસ શરૂ થતાં વિદ્યાર્થીઓમાં આનંદ**

# આઝાદી પછી પ્રથમવાર વિદ્યાર્થીઓને બસની સવલત, અદેસિંહ ચૌહાણની મહેનત રંગ લાવી

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૬

બાયડ-ધનસુરા તાલુકાના સરહદી ગામ નાંણા-ચાંદરેજ અને જીતપુર વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નવીન એસ.ટી. બસ શરૂ થઈ છે. ચાંદરેજના વિદ્યાર્થીઓને આઝાદી પછી પ્રથમવાર ભાજપ અગ્રણી અદેસિંહ માંનસિંહ ચૌહાણ(એડવોકેટ)ના પ્રયાસથી એસ.ટી. બસની સવલત મળતાં સમગ્ર પંથકમાં ખુશાલી છવાઈ છે.




પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ એસ.ટી. ડેપો મેનેજર રાજેશભાઈ પટેલ, એ.ટી.એસ. રાકેશભાઈ પટેલ વગેરે દ્વારા તાલુકાના તમામ વિદ્યાર્થીઓને એસ.ટી. બસની સવલત મળે તેવા પ્રયાસમાં હંમેશાં હકારાત્મક અભિગમ રહ્યો છે. બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર દ્વારા એસ.ટી. વિભાગને નવી એસ.ટી. બસો શરૂ કરવાની તમામ રજૂઆતો લગભગ સ્વીકારવામાં આવી છે. જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન અને ભાજપના આગેવાન અદેસિંહ માંનસિંહ ચૌહાણે પોતાના વિસ્તારના બાળકોને અભ્યાસ માટે જીતપુર તેમજ અન્ય શાળાઓમાં જવું પડતું હોય છે અને એસ.ટી. બસની સવલત ન હોવાથી આ અંગે સ્થાનિક વાલીઓએ રજૂઆત કરી હતી અને તૂરંત આ અંગે એસ.ટી. બસ શરૂ કરવા માટે એસ.ટી. વિભાગના અધિકારીઓ સાથે સંકલન કર્યું જેના ભાગરૂપે નાંણા-ચાંદરેજ-જીતપુર એસ.ટી. બસ શરૂ થતાં પંથકના વાલીઓમાં ખુશાલી જોવા મળી છે.

**સાક્ષાત કુદરતનો વસવાટ, પ્રવાસીઓનાં ઘોડાપૂર ઉમટ્યાં**

# ઉત્તર ગુજરાતના સેમી કાશ્મીર અભાપુરના જંગલનો નયનરમ્ય નજારો...

**વ્યવસ્થાના નામે મીંડુ હોવાથી પ્રવાસીઓમાં તંત્ર સામે આક્રોશ**






બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૬

સતત વરસાદી માહોલથી ઉત્તર ગુજરાતની ધરાએ લીલીછમ ચાદર ધારણ કરી છે. ઉત્તર ગુજરાતના સેમી કાશ્મીર તરીકે ઓળખાતા વિજયનગરના અભાપુરના જંગલનો નયનરમ્ય નજારો જાણે કે સાક્ષાત કુદરતનો વસવાટ હોય તે રીતે ખીલી ઉઠ્યો છે. પરોઢથી પ્રવાસીઓનાં ધાડેધાડાં ઉમટી પડે છે અને પક્ષીઓની કોલાહોલ, ખળખળ વહેતાં ઝરણાં અને અત્યંત શુદ્ધ હવાથી સ્થાનિકોને કુદરત સાથે રહેવાનો અનન્ય લ્હાવો મળ્યાની વાત કરતાં થાકતા નથી. દરરોજના હજારો પ્રવાસીઓ સેમી કાશ્મીર સમા અભાપુરના નયનરમ્ય જંગલોને જોવા માટે આવી રહ્યા છે પરંતુ અહીંયાં પ્રવાસીઓના ખાવા-પીવા તેમજ આરામ કરવા માટેની કોઈ સુવિધા ન હોવાથી વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે આક્રોશ પણ જોવા મળ્યો છે. કાશ્મીરનો અદ્ભૂત નજારો આપણા ઘરઆંગણે જ છે. વિજયનગરના જંગલો અને પોળો આસપાસનું પ્રાકૃતિક દ્રશ્ય સેમી કાશ્મીરની યાદ અપાવે છે. સરકાર દ્વારા પોળો ઉત્સવનો આરંભ કરાવતાં અભાપુરનો જંગલ વિસ્તાર માત્ર ગુજરાત પૂરતો નહીં પરંતુ દેશ અને વિશ્વના પ્રકૃતિ પ્રેમીઓને ઘેલું લગાડ્યું છે. રજાના દિવસમાં રાજ્યના ખૂણે..ખૂણેથી ૪ થી ૫ હજાર પ્રવાસીઓ આવે છે તેમજ દૈનિક પણ હજારો પ્રવાસીઓ પ્રકૃતિની ગોદમાં આવવા લાગ્યા છે. વિજયનગર પંથકમાં વરસાદ થંભી ગયા પછી જાણે કે કુદરત અભાપુરના જંગલમાં વસવાટ કરતી હોય તેમ ખળખળ વહેતાં ઝરણાં, તળીયા થી ટોચ સુધી ખીલી ઉઠેલી લીલીછમ વનરાજી, ૨૦૦ થી ૮૦૦ મીટર ડુંગરની ઘાટી ઉપરથી ખળખળ નીચે આવતાં ઝરણાં સાચે જ કાશ્મીરને ભૂલાવી રહ્યા છે. સરકાર દ્વારા અભાપુર જંગલો તેમજ પંથકની ધરોહરને વિક્સાવવા માટે પ્રવાસન ધામમાં સમાવેશ થયા પછી રહેવા માટેની વિશેષ સુવિધા જૂજ પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમાં સરકારી બાબુઓ અને મોટી ઓળખાણ ધરાવતા માલેતૂજારોની સરભરા થાય છે પરંતુ આમ આદમી જેવા પ્રકૃતિ માણવા આવતા પ્રવાસીઓને કોઈ લાભ મળતો નથી. જંગલ ખાતાના અધિકારીઓ વિભાગ પ્રમાણે જ માનસિક્તા કેળવી રહ્યા છે. કદાચ સરકાર અભાપુર પોળ વિસ્તારનો સર્વોત્તમ વિકાસ કરે તો વિજયનગરના જંગલો સમગ્ર દેશનું પ્રથમ નંબરનું ટુરીઝમ ક્ષેત્ર બની શકે છે.






# સરગવાનું ઝાડ અને સરકારની રાહત બેઉ સરખા....."

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ ...?**

બાયડ તા.૨૬

અમે જ્યારે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે એક પાઠ શીખવવામાં આવતો... એક ગામમાં એક આઠ સભ્યોવાળું પરિવાર બાપદાદાના જુના મકાનમાં રહેતું હતું, આ પરિવાર આળસુ હતું એટલે એની થોડીગણી ખેતીની જમીન હતી તે પણ વહેંચાઈ ગઈ હતી. આ પરિવારના આંગણામાં એક સરગવાનું ઝાડ હતું. આ સરગવાના ઝાડમાં લાગેલી સીંગો ઉતારીને તે બજારમાં જઈને વેંચતા અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા... એક સરગવો એમના જીવનની આજીવિકા હતો!! પરિવારમાં આઠ સભ્યો હતા પણ કોઈ મજૂરી કરવા પણ તૈયાર નહોતું... તેનું એક માત્ર કારણ આંગણામાં રહેલું સરગવાનું ઝાડ હતું...

એકવાર એક મહેમાન તેમના ઘરે આવ્યા અને તેમને જોયું કે આ પરિવાર ૫ વર્ષ અગાઉ હતું તેનાથી પણ વધુ ઘસાતું જતું હતું... ઘરમાં કોઈ નવીન સુધારો વધારો કે સગવડ ઉભી નહોતી થઈ!! આ મહેમાનને વિચાર આવ્યો કે આ સરગવો આ પરિવારની આર્થિક પ્રગતિમાં મોટો અવરોધક છે એટલે રાત્રે છાનામાના ઉઠીને એ મહેમાને હળવેકથી એ સરગવાનું ઝાડ કાપી નાખીને રાત્રે જ ત્યાંથી ચુપચાપ ચાલી નીકળ્યા... આ મહેમાન ફરીથી પાંચ વર્ષે બાદ તેમના ઘરે આવે છે તો જુવે છે કે આ પરિવારનું ઝુંપડી જેવું ઘર નવું પાકું મકાન બની ગયું હતું અને દરેક સગવડ આ લોકોએ પ્રાપ્ત કરી લીધી હતી... મહેમાનને ડર હતો કે આ પરિવાર તેને ખરી ખોટી સંભળાવશે પણ એવું ના થયું પરંતુ પરિવારના તમામ સભ્યોએ મહેમાનનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો અને કહ્યું..."સારું થયું કે તમે સરગવાનું ઝાડ કાપી નાખ્યું, આ સરગવો ના રહેતા અમે સૌ જીવવા માટે સંઘર્ષ તરફ વળ્યા અને અંતે સુખી થયા. હવે અમે ઘરના તમામ સભ્યો દરરોજ મજૂરી કરીને લાવીએ છીએ અને અમને આવા સરગવાની કોઈ જરૂર નથી, અમે મહેનત કરીને સધ્ધર થયા અને હજુ પણ વધુ સમૃદ્ધ થઈશું!!"

આજથી ૩૦ વર્ષ પહેલાં બાળકો અને વિદ્યાર્થીઓને આવી શીખ અપાતી હતી જ્યારે દુર્ભાગ્યવશ આજની રાજકીય પાર્ટીઓ સત્તા માટે લોકોને ઘરે સરગવો વાવી રહી છે જેથી લોકો વધુ બિચારા અને લાચાર બનશે!! લોકોને મફતનું આપવાની ભૂલ કરીને દેશની જનતા ઉપર પાપ કરી રહ્યા છે. મોંઘવારી વધી છે તો સાથે સાથે મજૂરી પણ વધી છે... "આપણને મોંઘવારી નડી રહી છે તેનાથી વધુ આપણા મોજશોખના ખર્ચ નડી રહ્યા છે, કામધંધો કે મજૂરી કરવાને બદલે સૌને સાહુકારીની વાઈટ કોલર જોબ જોઈએ છે, પણ તે દરેક માટે શકય જ નથી!!" ભારતની ૭૦% પ્રજા ખેતી અથવા ખેતમજૂરી કે અન્ય કામમાં મજૂરી કરશે તો જ ભેગું થશે... કંઈ જ કામ ન હોય તો ૪૦૦ રૂ ની મજૂરી કરીને ખુદના પૈસાના સારા ઘઉં લાવીને રોટલી બનાવવી સારી પણ મફતના અને જાણે ઉપકારમાં મળતા હોય તેવા સડેલા ઘઉં કે ચોખા લેવા સરકારની રાશનની દુકાનમાં લાઈનમાં ઉભા રહેવું ખોટું !!

જાપાન, કોરિયા, ચીન જેવા દેશોની પ્રગતિ પાછળનું રાજ એ છે કે ત્યાં કોઈ નવરુ છે જ નહીં... ત્યાંના પ્રત્યેક યુવાનો ખૂબ મહેનત કરે છે. નાનો મોટો વ્યવસાય કે તેમાં ૧૨ કલાકનો પસીનો પાડતા હોય છે... અને એટલે જ ચીનની કોઈપણ ચીજવસ્તુ તેઓ સૌથી નીચી કિંમતમાં આપી શકે છે!! મફતમાં આપવું એટલે ઘરે ઘરે સરગવાનું ઝાડ વાવી આપવું એવું હું માનું છું.... મારી તમામ રાજકીય પાર્ટીઓને નમ્ર અપીલ છે કે જનતાને આળસુ કે નિષ્ક્રિય ના બનાવતા ઉદ્યમશીલ બનાવવા માટે કંઈક નવીન પ્રયોગ કરો... અને તમારે કંઈક વિશેષ કરવું હોયતો દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદીનું અભિયાન ચલાવો, લગભગ તમામ રોગ- આધિ-વ્યાધિ આપોઆપ ભાગી જશે... સૌથી પહેલાતો ઘરે ઘરે વાવેલ સરગવાના ઝાડ કાપી નાખો અને નવા સરગવાના ઝાડ વાવવાની ભૂલ તો બિલકુલ ના કરશો.

**ભાજપ સંગઠનની રજૂઆત રંગ લાવી**

# સરસોલીમાં ૬૬ કે.વી. સબસ્ટેશન શરૂ કરવા યુ.જી.વી.સી.એલ. દ્વારા જેટકોને સૂચના અપાઈ

**સંગઠન મહામંત્રી મયૂર પટેલના પ્રયાસો સફળતા ભણી**

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૬

બાયડ તાલુકા ભાજપ સંગઠન દ્વારા સરસોલી ગામમાં ૬૬ કે.વી. સબસ્ટેશન શરૂ કરવા રાજ્ય કક્ષાના ઉર્જા મંત્રી મુકેશ પટેલ સમક્ષ રજૂઆત થયાના એક સપ્તાહ પછી યુ.જી.વી.સી.એલ. દ્વારા જેટકોને આ પ્રકીયા શરૂ કરવા આદેશ આપવામાં આવ્યા છે. ખાસ કરીને સંગઠન મહામંત્રી મયૂર ધીરૂભાઈ પટેલ(વસાદરા)ના પ્રયાસો સફળ રહ્યાનું જણાઈ રહ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના પૂર્વ પટ્ટાના ગાબટ, રડોદરા, સરસોલી, વસાદરા વિસ્તારોમાં વારંવારના વિજ ધાંધિયાથી પ્રજા અને ખેડૂતો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. અગાઉ વિજ તંત્રની નબળી કામગીરી સામે ખેડૂતોએ વિજ કચેરીમાં ઉમટી મોરચા પણ માંડેલા છે ત્યારે બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, મહામંત્રી મયૂર પટેલ વગેરેએ રાજ્યના ઉર્જા મંત્રીની ઉપસ્થિતિમાં અરવલ્લી કલેક્ટર કચેરીમાં યોજાયેલી બેઠકમાં બાયડ તાલુકાના વિજ પ્રશ્નો સહિત ખાસ કરીને મહામંત્રી દ્વારા વસાદરામાં ૬૬ કે.વી. સબસ્ટેશન માટે રજૂઆત કરવામાં આવી હતી અને જમીન સંદર્ભે જિલ્લા કલેક્ટરને પણ યોગ્ય ઘટતું કરવા મંત્રી દ્વારા સૂચના અપાયા પછી યુ.જી.વી.સી.એલ.ના ચીફ ઈજનેર દ્વારા જેટકોના ચીફ એન્જીનિયર(પ્રોજેક્ટ), વડોદરાને આ અંગે પત્ર પાઠવી આ અંગેની કાર્યવાહી ત્વરીત કરવા માટે સૂચના આપવામાં આવી છે અને ૬૬ કે.વી. નવા સબસ્ટેશન માટે જરૂરી તમામ કામ ઝડપથી પૂરા કરવા પણ જણાવ્યું છે.

# રાયગઢ તળાવ ઓવરફલો થતાં આસપાસના ગામોના ખેતરોમાં પાકની તબાહી....

**કપાસ, મગફળી સહિતનો પાક પાણીમાં ગરક**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬


હિંમતનગર તાલુકાના રાયગઢ તળાવ ઓવરફ્લો થયા પછી વધારાનું પાણી ફંટાતાં નજીકના જવાનપુરા, બીલપર અને બીલપરકંપા સહિતના ગામોના ખેતરો બેટમાં ફેરવાયા છે. આ વિસ્તારના ખેડૂતોનો કપાસ અને મગફળી સહિતનો પાક પાણીમાં ગરક થતાં ખેડૂતો પાયમાલ થઈ જાય તેવી સ્થિતિ છે.

ચોમાસામાં ખેતી માટે ફાયદારૂપ વરસાદ હવે નુક્સાનરુપ બનવા લાગ્યો છે. સતત વરસાદના કારણે ખેતરો જળમગ્ન બની ગયા છે તો કેટલાક વિસ્તારોમાં તળાવ ઓવરફલો થયા પછી પાણી નજીકના ખેતરોમાં ફરી વળતાં ઉભી ખેતી નષ્ટ થઈ છે. હિંમતનગર તાલુકાના રાયગઢ ગામનું પ્રતાપસાગર તળાવ શ્રાવણ માસમાં વરસેલા ધોધમાર વરસાદ પછી ઓવરફલો થતાં તેની આડઅસર આસપાસના ગામોમાં જોવા મળી રહી છે. તળાવનું પાણી ઓવરફલો થયા પછી જવાનપુરા, બીલપરકંપા તેમજ બીલપર સહિતના ગામોના ખેતરોમાં વધારાનું પાણી ફરી વળ્યા પછી ખેતરોમાં ઠેર ઠેર ભેજ ફૂટી નિકળ્યો જેના કારણે કપાસ તેમજ મગફળીનો પાક નિષ્ફળ જવાની ભીતી વ્યક્ત કરી છે. જવાનપુરા ગામના ખેડૂત કેતનભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે આ વર્ષે ખરીફ ખેતીના આરંભ પછી વરસાદની સારી મહેર થતાં ઓણસાલ પાક ઉપજમાં ફાયદો થવાની ધારણા આ વિસ્તારના ખેડૂતોએ રાખી હતી પરંતુ રાયગઢનું તળાવ છલોછલ થયા પછી વધારાનું પાણી ગામના સીમાડામાં ફરી વળ્યું જેના કારણે ખેતીને નુક્સાન થઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદની સતત હાજરી રહી છે અને તળાવ ઓવરફુલો થયા પછી પણ તળાવમાં પાણીનો આવરો ચાલુ રહ્યો જેના કારણે વધારાનું પાણી આસપાસના ગામોમાં ફંટાઈ જતાં ખાસ કરીને ખેતીને નુક્સાન થવાની દહેશત સ્થાનિક ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

# મોડાસામાં સરકારી ખરાબા પર કર્યો ભૂ-માફીયાઓનો કબજો, તંત્ર ક્યારે કરશે તપાસ?

મોડાસા, તા. ૨૬

મોડાસા- ધનસુરા હાઈવે પહાડપુર જવાના રસ્તા ના નાકા પર સર્વે નંબર ૪૩/૧ પાસે સરકારી ખરાબો આવેલ છે. જે ખરાબા ની જમીન પર કેટલાક માથાભારે ભૂ-માફિયાઓ છેલ્લા કેટલાક દિવસ થી કબજો કર્યો છે. શરૂઆતમાં આ ભૂ-



માફીયાઓએ બે-ત્રણ પશુઓ બાંધ્યા હતા પરંતુ હવે મોટો તબેલો બાંધ્યો છે. વધુમાં મળતી માહિતી અનુસાર જયારે આ અંગે આ વિસ્તારના જાગૃત નાગરીકો ભૂ-માફીયાઓ ને દબાણ ન કરવા માટે વિનંતી કરવા ગયા ત્યારે તમામ ને જાન થી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ ભૂ-માફીયાઓ માથાભારે હોવાથી કલેકટર દ્વારા જમીન પચાવી પાડવા ના કાયદા અંતર્ગત કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરીકો માંગ કરી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે તાજેતરમાં ગુજરાત મહેસુલ વિભાગ ના તા.૧૬/૦૭/૨૦૨૨ ના પરિપત્ર ક્રમાકઃ દબણ/૧૦૨૦૧૦/૧૦૧૬/લ કરી તમામ કલેકટર સહિત તમામ મહેસુલી અધિકારીઓ ને આદેશા કર્યો છે કે જ્યાં પણ સરકારી જમીનો પર કોઈ કબજો કર્યો હોય તેની વિરૂદ્ધ જમીન પચાવી પાડવા ના કાયદા અંતર્ગત કાર્યવાહી કરવી . પરિપત્રમાં સ્પષ્ટ પણે જણાવ્યુ છે કે સરકારી જમીનો કિંમતી અને સીમિત છે જેથી તેની જાળવણી કરવી હાલની પરિસ્થિતિમાં ખૂબ જ જરૂરી છે. સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે સરકારી ખુલ્લી જમીનો ઉપર ગેરકાયદેસર દબાણોનું પ્રમાણ વધી રહેલ છે. સરકારી જમીનનું જતન કરવાની અને તેના ઉપર દબાણ ન થાય તે જોવાની રાજ્ય સરકારની તેમજ સર્વે મહેસૂલી અધિકારીઓની અગત્યની ફરજ છે. જે તે અધિકારીના વિસ્તારમાં આવતી ખુલ્લી જમીનોની વિડિયોગ્રાફી કરવી તથા ત્યારબાદ આવી જમીનોમાં કોઈ પણ જાતનાં દબાણ ન થાય તે માટે જમીન ફરતે તાર ફેંસીંગથી સુરક્ષિત કરવી . આ ખુલ્લી જમીનો અંગે થયેલ વિડિયોગ્રાફીની વિગતો ધ્યાનમાં રાખી સમયાંતરે કલેક્ટર કક્ષાએથી ઈન્સ્પેક્શન કરવામાં આવે અને ઈન્સ્પેક્શન દરમ્યાન કોઈ નવું દબાણ ધ્યાનમાં આવે તો તે માટે સર્કલ ઈન્સ્પેક્ટર તથા મામલતદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા વિચારણા કરવી.

આ ઉપરાંત આપના જિલ્લામાં સરકારી જમીનો પર દબાણ થયેલ હોય તેવા કેસો આઈડેંટીફાય કરી લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરી ખુલ્લા કરાવવા. સરકારી જમીન ઉપર જે વ્યક્તિએ ઔદ્યોગિક / ધંધાકિય ( કોમર્શિયલ ) દબાણ કર્યુ હોય તો તેને લાઈટ , પીવાના પાણી તથા ગટરના જોડાણ ન મળે તેવી પાકી વ્યવસ્થા ગોઠવવા કલેકટર સંબંધિત વિભાગોના તમામ અધિકારીઓની સાથે બેઠક કરી સૂચનાઓ આપવી એટલું જ નહીં તેનું પાલન થાય તે સુનિશ્ચિત કરવું.